


"હાશ...! કકળાટ પત્યો."

"કકળાટ, કકળાટ, કકળાટ... પાટનગર હોય એટલે આટલું તો રહેવાનું જ. આખા રાજનો કકળાટ અહીં હોય અને રોજે રોજ હોય. એમાં અકળાવ છો શાના ?"

"ના ભાઈ ના... અકળાતા નથી. આ રાજકારણીઓએ તો ગામ માથે લીધુ હતુ. માંડ માંડ ગંદકી દૂર કરી હતી અને પાછું હતુ એમ થયું."

"શાની ગંદકીની વાત કરો છો ? કંઈ ગંદકીની વાત કરો છો ?"

"તમે સમજો છો એ ગંદકીની વાત નથી કરતો. એ તો હવે પુરૂ થયું. હું તો આપણા શહેરની ગંદકીની વાત કરૂ છું."

"એ તો આખા રાજ્યનો પ્રશ્ન છે. સાંભળ્યુ નહીં આજે હાઈકોર્ટે શું કહ્યું ? તંત્રને તતડાવી નાંખ્યુ, તતડાવી..."

"ઓ હો હો... આ પહેલી વખત થયુ છે. કોર્ટ દર વખતે કહે. એના જવાબો કરાય, એફીડેવીટ થાય પણ બીજા દિવસથી હતુ એમનુ એમ...!"

"સાહેબ અમે કેવી કડક સુચનાઓ આપી છે. આખા દેશમાં સ્વચ્છ ભારતનુ અભિયાન ચલાવીએ છીએ."

"હા એ તો અમે છાપા અને ટીવીની જાહેરાતોમાં જોઈએ છીએ. નેતાઓના ફોટા જોઈએ છીએ, ક્યાંક ક્યાંક તંત્રની પ્રેસનોટો પણ જોઈએ છીએ. પણ વાસ્તવમાં સ્વચ્છતા ક્યાંય જોવા મળતી નથી. કચરાના ઢગલા, ઉભરાતી ગટરો, પ્લાસ્ટીકની કોથળીઓની ઉડાઉડ, કાદવ-કીચડ, ઠેર ઠેર પોદરાં આજે પણ યથાસ્થાને જોવા મળે છે."

"એટલે તમે કહેવા શુ માંગો છો ? સ્વચ્છતાનું, કંઈ કામ જ નથી થતુ ?"

"થાય છે, થાય છે કાગળ ઉપર થાય છે, અહેવાલોમાં થાય છે, આંકડાઓમાં થાય છે, પણ અનુભવાતુ નથી."

"સાચુ કહુ, તૈયારી છે ને સાંભળવાની, તો સાંભળી લો. કામ થાય છે એના કરતાં દસ ગણુ ગવાય છે અને થતુ કામ દેખાતુ નથી અને બીજુ ભ્રષ્ટાચાર સ્વચ્છતામાં પણ એટલો વ્યાપી ગયો છે કે કચરાં કરતા ભ્રષ્ટાચારની બોલબાલા સફાઈ ઝુંબેશમાં વધી ગઈ છે..."

"હં... શુ વાત કરો છો ? શું બોલો છો તમે ?"

"હા તદ્દન સાચી વાત છે સાહેબ. સફાઈ કામદારો રોડ ઉપર હોય છે. એના કરતા પગાર પત્રકમાં વધારે હોય છે. ભૂતિયા કામદારો, ભૂતિયા સાધનો અને ભૂતિયા કામોના કારણે હજુ પણ ગંદકીનુ પ્રમાણ એનુ એ જ છે."

"એટલે બધી જ જવાબદારી તંત્રની, સરકારની ? સમાજની કશું જ નહીં ?"

"તમારી વાતો સો ટકાની છે. સમાજની પણ ખરી અને સરકારની પણ. પહેલ સરકાર કરે અને સમાજ સહયોગી બને. તંત્ર પ્રામાણિક બને અને દરેક નાગરિક, નાગરિક ધર્મ બજાવે તો સ્વચ્છ ભારતનુ સપનું માત્ર એક મહિનામાં સાકાર થાય. દરેક પરિવાર પોતાનુ આંગણુ સ્વચ્છ રાખશે તો દરેક ગામ સ્વચ્છ થશે અને દરેક ગામ સ્વચ્છ થશે તો દેશ આપો આપ સ્વચ્છ થઈ જશે. શરૂઆત 'સ્વ' થી કરીએ પરિણામ 'સર્વ' સુધી પહોંચશે."

- નિમિત્ત માત્ર

# બળવાખોર કોંગી ધારાસભ્યો ભાજપમાં જોડાશે : મહેન્દ્રસિંહ

## તેમના સહિતના ૧૪ ધારાસભ્યો ભાજપમાં જોડાશે : અમે ભાજપના કાર્યકર તરીકે જોડાવવા માટેનો નિર્ણય કર્યો છે

ગાંધીનગર, તા. ૧૦

ક્રોસ વોટીંગ કરી કોંગ્રેસ પક્ષ સાથે ગદ્દારી કરનાર અને પક્ષના વ્હીપનો અનાદર કરનાર ૧૪ ધારાસભ્યોને પક્ષમાંથી છ વર્ષ માટે બરતરફ કરવાના કોંગ્રેસપક્ષના નિર્ણય બાદ ગુજરાતના રાજકારણમાં વધુ એક નવુ ડેવલપમેન્ટ સર્જાવા જઈ રહ્યું છે. શંકરસિંહ વાઘેલાના પુત્ર મહેન્દ્રસિંહ વાઘેલાએ આ મામલે મહત્વની જાહેરાત કરતાં જણાવ્યું હતું કે, તેમના સહિત ૧૪ ધારાસભ્યો હવે ગમે તે ઘડીયે ભાજપમાં જોડાવા જઈ રહ્યા છે. તેઓ ભાજપના કાર્યકર તરીકે ભાજપમાં જોડાશે. બાકી આગળ ભાજપના મોવડીમંડળે નક્કી કરવાનું છે. સત્તાવાર નિર્ણય આગામી દિવસોમાં જાહેર કરીશું.

શંકરસિંહ વાઘેલાના પુત્ર મહેન્દ્રસિંહે એ સ્પષ્ટ કર્યું હતું કે, શંકરસિંહ મારા પિતા છે પરંતુ ભાજપમાં જોડાવાનો નિર્ણય અમારા ધારાસભ્યોનો વ્યકિતગત છે. ભાજપમાં જોડાવા મુદ્દે અમારા ધારાસભ્યોની બેઠક ગઈકાલે ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહ, પ્રદેશ અધ્યક્ષ જીતુ વાઘાણી અને મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી સાથે યોજાઈ હતી અને લંબાણપૂર્વક ચર્ચા વિચારણા હાથ ધરવામાં આવી હતી. હવે નજીકના ભવિષ્યમાં ગમે તે ઘડીયે આ અંગેનો નિર્ણય અમે જાહેર કરીશું. મહેન્દ્રસિંહે કોંગ્રેસની ટીકા કરતાં જણાવ્યું હતું કે, અમે ધારાસભ્યોએ અગાઉ કોંગ્રેસપક્ષને પક્ષના હિતની અને નીતિની વાત સમજાવી હતી અને રજૂઆત પણ કરી હતી પરંતુ અમારી રજૂઆત સાંભળવામાં ના આવી અને તેને નજરઅંદાજ કરવામાં આવી, તેથી અમારે આવો નિર્ણય કરવો પડયો. હાલમાં વાઘેલા છાવણીમાં પણ દુવિધાભરી સ્થિતિ છે.



જોખમી ઝાડ કોણ હટાવશે ? - છેલ્લા કેટલાય દિવસથી શહેરના માર્ગ નં. ૫ પર પડેલુ વૃક્ષ વાહનચાલકો અને રાહદારીઓ માટે કેટલું નડે છે અને કેવું નડે છે એ પ્રદર્શિત કરતી તસવીર... વન તંત્ર કે મનપા તંત્ર સામાન્ય પ્રજાજનોને પડતી હાલાકીમાં તત્પરતા ન દાખવતા આ પ્રકારના અનુભૂતિ નગરજનોને થાય છે... વાત માત્ર નાનકડી છે... પરંતુ હાલાકી મોટી માત્રામાં ભોગવવી પડે છે... ફોર લેન માર્ગને નિરર્થક બનાવતી ઘટનાનો આ નમૂનો છે... આખી એક લેન જોખમી વૃક્ષથી બિનઉપયોગી રહી છે...

# કલોલના જામળામાંથી સ્વાઈન ફ્લુનો દર્દી મળ્યો

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગર જિલ્લાના કલોલ તાલુકાના જામળા ગામમાં એક ૫૨ વર્ષીય આધેડને સ્વાઈન ફ્લુ પોઝીટીવ જણાયેલ છે.

જિલ્લા આરોગ્ય તંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે આ દર્દી સાથે હવે જિલ્લામાં આ રોગના દર્દીઓની સંખ્યા વધીને ૨૨ પર પહોંચી છે.

મળતી વિગતો પ્રમાણે આ દર્દીને અમદાવાદની એક ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે. દર્દીને ઓક્સીજન પર રાખવામાં આવેલ છે અને હાલ સ્થિતિ સ્થિર હોવાનું જાણવા મળેલ છે.

તંત્ર દ્વારા દર્દીના ઘર અને તેની આસપાસના વિસ્તારોમાં સર્વેલન્સની કામગીરી હાથ ધરવામાં આવેલ છે.

મળતી વિગતો પ્રમાણે ૩જી ઓગષ્ટથી આ દર્દી સતત બિમાર જણાયેલ. તેને સારવાર ગાંધીનગર સિવિલ સહિત અન્ય ખાનગી હોસ્પિટલોમાં પણ લીધી હતી. ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાંથી સાજા થયા બાદ રજા આપવામાં આવી હતી.

આ દર્દીને ગઈકાલે મોડી રાત્રે ખાનગી હોસ્પિટલમાં પુનઃ સારવાર માટે દાખલ કરવામાં આવેલ છે.

જિલ્લામાં છુટા છવાયા કેસો જે રીતે મળી રહ્યા છે તેને લઈ આરોગ્ય તંત્ર પણ ચોંકી ઉઠ્યુ છે.

● અનુસંધાન પાન-૭ પર

## ગાંધીનગરની હોટલોમાં હવે કોકમનું પાણી પીરસાશે

ગાંધીનગર મહાનગરપાલિકા વિસ્તારમાં આવેલ હોટલ એસોસિએશને ફૂડ એન્ડ ડ્રગ્સની સૂચના મુજબ ગાંધીનગર સિટીમાં સ્વાઈન ફ્લુની અસર હોય તો હોટલમાં જમવા આવતા કસ્ટમરોને પ્રથમ જમ્યા પહેલા 'કોકમ'નું પાણી પીરસવામાં આવશે અને જમ્યા પછી પણ 'કોકમ'નુ પાણી આપવામાં આવશે.

# સોશ્યલ મિડીયામાં ખોટી ટિપ્પણીઓ સામે કાનૂની પગલાં ભરતા ખચકાઈશ નહિ

## કોંગ્રેસની જીત એ પ્રિ-પ્લાન છે : શંકરસિંહ

ગાંધીનગર, તા. ૧૦

રાજ્યસભામાં કોંગ્રેસની જીત એ પ્રિ-પ્લાન હોવાનો ગંભીર આક્ષેપ આજે પૂર્વ વિપક્ષી નેતા શંકરસિંહ વાઘેલાએ કર્યો છે.

આજે વસંત વગડા ખાતે પત્રકારો સાથે વાતચીત કરતાં તેમણે જણાવ્યુ હતુ કે કોંગ્રેસ પાર્ટીને અંદરોઅંદર જ હોર્સ ટ્રેડીંગ કરવુ પડ્યુ તે જ બતાવે છે કે પાર્ટીમાં એકતા નથી. અહેમદભાઈ જેવા સિનીયર નેતાને પણ કોંગ્રેસ સિવાયના અન્ય પક્ષોનો સહારો લેવો પડ્યો.

તેમણે કહ્યુ હતુ કે મેં અગાઉ પણ પક્ષમાં ક્રોસ વોટીંગ થવાની શક્યતાના સંકેતો પક્ષના નેતાઓને વારંવાર મળી જણાવી હતી.

હકીકતમાં રાજ્યસભાની ચૂંટણીમાં કોંગ્રેસના ઉમેદવારને જીતાડવા માટે અગાઉથી જ પ્રિ-પ્લાન કરી વાંધા અરજીઓ તૈયાર રાખેલી અને કોંગ્રેસના ધારાસભ્ય રાઘવજી પટેલ વોટ આપવા આવ્યા ત્યારે કોંગ્રેસના એજન્ટે પોતાની જગ્યા ઉપરથી ઉભા થઈ તેમના હાથમાંથી મતપત્રક ખેંચવાનો પ્રયાસ કરી તેઓ ઉશ્કેરાય તેવો પ્રયત્ન કરવા છતાં રાઘવજીએ પોતાનો વોટ અન્ય કોઈને બતાવેલ ન હતો તેમજ ભોળાભાઈએ પણ મત એજન્ટ સિવાય અન્ય કોઈને મત પત્રક બતાવેલ ન હોવા છતાં આ અંગેની વિડીયો ક્લિપ સાથે ઈલેક્શન કમિશનને ફરીયાદ કરી અને કમિશને પણ પોતાનો અધિકાર ન હોવા છતાં બે ક્રોસ વોટ રદ જાહેર કર્યા હકીકતમાં આ અધિકાર માત્ર ને માત્ર આર.ઓ.ને જ હોય છે અને આર.ઓ. એ અત્રેથી મોકલેલ રીપોર્ટને અવગણી પોતાના ક્ષેત્રાધિકારમાં ન હોવાં છતાં ઈલેક્શન કમિશને આવો કમનસીબ નિર્ણય લીધેલ છે, જે બાબત સુપ્રિમ કોર્ટમાં પણ ચેલેન્જને પાત્ર છે. હકીકતમાં કોંગ્રેસના ઉમેદવાર જીતવાના જ ન હતાં, તેવા સંજોગોમાં અન્ય પક્ષોના સહારે મળેલી જીત વિજય કહેવાય ?

વાઘેલાએ સોશીયલ મિડીયા ઉપર થતી અંગત ટીપ્પણીઓ બાબતે જણાવ્યું હતું કે હું જ્યાં સુધી કોંગ્રેસમાં હતો ત્યાં સુધી મેં વફાદારીપૂર્વક જવાબદારી નિભાવી છે. ત્યારે કોઈપણ મુદ્દો હોય જેવાં કે સર્જીકલ

● અનુસંધાન પાન-૭ પર

# સાતમ આઠમના તહેવારોમાં ગાંધીનગર ડેપોએ ટ્રાફિકને પહોંચી વળવા ૧૫ બસો ફાળવી

## અમદાવાદ ડેપોથી ટ્રાફિક મુજબ વધારાની બસો દોડવાશે

ગાંધીનગર તા ૧૦

આજથી શરૂ થતા તહેવારાને અનુલક્ષીને એસ ટી ની સલામત સવારીના રૂટ માટે વધારાની બસો દોડાવાશે. સાતમ આઠમના તહેવારોના દિવસોમાં સળંગ રજાઓના માહોલના લીધે એસ ટી માં પણ વધુ ટ્રાફિક જોવા મળે છે. જયારે આ ટ્રાફિકને પહોંચી વળવા માટે વિવિધ ડેપોમાંથી યોગ્ય રૂટ માટે ફાળવણી કરવામાં આવે છે. જે અન્વયે ગાંધીનગર ડેપોની ૧૫ બસોનુ અમદાવાદ ડેપોમાંથી સંચાલન કરવામાં આવશે. જયાંથી તહેવારને અનુલક્ષી ટ્રાફિક મુજબ બસના રૂટ ગોઠવાશે.

તહેવારનો પર્વમાં આમ નાગરિકોને સલામત સવારી નિયમિત રૂપે અને સમયસર મળી રહે તે માટે એસ ટી નિગમ દ્વારા જરૂરી અભ્યાસના અંતે નિયત કેટલાક રૂટમાં બસોના રૂટ વધારી દેવામાં આવે છે. જેમાં હોળી ધુળેટીના પર્વ દરમિયાન પણ ઝાલોદ દાહોદ રૂટની ખાસ બસો દોડવામાં આવે છે. જયારે આગામી સાતમ આઠમના પર્વને અનુલક્ષીને પણ એસ ટી તંત્ર દ્વારા વિશેષ બસ સેવાનુ આયોજન કરવામાં આવ્યુ છે. જેમાં ગાંધીનગર ડેપોથી ૧૫ જેટલી બસો અમદાવાદ ડેપોને ફાળવવામાં આવી છે.

● અનુસંધાન પાન-૭ પર

# સે-૨૮ જીઆઈડીસી વિસ્તારમાં ગટરોના દુષિત પાણી ભરાયા

## ગટરલાઇન અપગ્રેડ કરવા એસોસિએશનની માંગણી દુષિત પાણીના ભરાવા વચ્ચે રોગચાળાની દહેશત

ગાંધીનગર તા ૯

સે-૨૮ જી આઈ ડી સી વિસ્તારમાં ગટરો ઉભરાવાની સમસ્યા જટીલ બની છે. નજીકમાં સ્થિત આદિવાડા ગામના દબાણકર્તાઓ ગટર લાઈનમાં કચરો ઠાલવતા આ પ્રશ્ન વધુ ગંભીર બન્યો છે. જી આઈ ડી સી એન્જિનિયરીંગ એસોસિએશન દ્વારા આ વિસ્તારમાં ગટરલાઈનને અપગ્રેડ કરવાની પ્રબળ માંગ કરવામાં આવી છે. ગટરના દુષિત પાણીના લીધે ખદબદતી ગંદકી વચ્ચે રોગચાળાની દહેશત પ્રવર્તી છે.



જી આઈ ડી સી એન્જિનિયરીંગ કોમ્પલેક્ષ એસોસિએશનના પ્રમુખ શૈલેષ પટેલના જણાંવ્યા મુજબ સે-૨૮ ના આ એસ્ટેટમાં છેલ્લા ૩૫ વર્ષથી ઉદ્યોગો કાર્યરત છે. જયારે હાલ ૨૫૦ જેટલા ઉદ્યોગો ધમધમી રહયા છે. જેના લીધે કારીગરો અને હેલ્પરોની સંખ્યા પણ વધી છે. જયારે જી આઈ ડી સી વિસ્તારની નજીક સ્થિત આદિવાડા ગામમાં દબાણકર્તાઓની

● અનુસંધાન પાન-૭ પર

# ફેશનના વિદ્યાર્થીઓ માત્ર બુક નહીં ફીલીંગ અને નેચરને ફોલો કરે : એસ રીબેલો

## બોલીવુડના દબંગ ખાન સલમાનના ડ્રેસ ડિઝાઇનર રીબેલોએ આઇ એનઆઇએફડીના વિદ્યાર્થીઓને ડિઝાઇનના નવા ફન્ડાની સમજ આપી : માત્ર બુકને ફોલો ન કરો કપડામાં એટીટ્યુડ જોવો : સલમાન ખુબ જ સરળ વ્યક્તિ ડ્રેસીંગ સેન્સ પણ લાજવાબ : એસ રીબેલો



ગાંધીનગર તા ૧૦

કપડામાં એટીટ્યુડ જોવો ..કોઈપણ કપડાને ડિઝાઈન કરતા પહેલા માર્કેટનો સર્વે કરવો જોઈએ જયારે તમે નવી ડિઝાઈન ક્રીએટ કરો ત્યારે તમારી પસંદગી એક મોટા સમુહને ધ્યાને લઈ તૈયાર કરવી જોઈએ કારણ કે કપડાની ડિઝાઈન તૈયાર કરનારને ખબર નથી કે તે કોના માટે બનાવે છે. તેમ જણાંવતા બોલીવુડના દબંગ ખાનના ડિઝાઈનર એસ લે રીબેલોએ ફેશન ડિઝાઈનીંગના વિદ્યાર્થીઓને થીયરી કરતા ડિઝાઈનીંગ ક્ષેત્રે પ્રેકટીકલ તરફ વધુ ફોકસ કરવા જણાંવ્યુ હતુ. તેમણે વધુમાં જણાંવ્યુ હતુ કે હાલ ડ્રેસીંગ સેન્સમાં બોલીવુડનો વિશેષ પ્રભાવ વર્તાય છે. યુવાપેઢી એકટરને ફેશન આઈડલ માને છે. ત્યારે સેલીબ્રીટીઝ જે ફેશન અપનાવે તે ટ્રેન્ડ બની જાય છે.

ગાંધીનગર ઈન્ફોસીટી સ્થિત આઈ એન આઈ એફ ડી સેન્ટરની મુલાકાતે આજે બોલીવુડ સ્ટાર સલમાન ખાનના ડ્રેસ ડિઝાઈનર એસ લે રીબેલોએ મુલાકાત લીધી હતી.

● અનુસંધાન પાન-૭ પર

# સોલાર હાઈમાસ્કના કામોનો ખર્ચ સ્વભંડોળમાંથી કરવો

## જિલ્લા પંચાયતમાં સરક્યુલર ઠરાવથી કરાયો નિર્ણય

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગર જિલ્લા પંચાયતમાં હવે સોલાર એલઈડી લાઈટ્સના લગાવાયેલ હાઈ માસ્ક અંગેનો ખર્ચ સ્વભંડોળ ખાતે ઉધારવામાં આવે તેવો સરક્યુલર ઠરાવથી નિર્ણય કરવામાં આવેલ છે.

ગાંધીનગર જિલ્લામાં રેતી-કાંકરીની ગ્રાન્ટમાંથી સભ્યોને વિસ્તાર વિકાસ માટે કામો સૂચવવા જણાવાયુ હતુ. તેમાં સોલાર એલઈડી હાઈમાસ્કના ત્રણસોથી વધુ કામો રૂ. સાડા છ કરોડના સભ્યો દ્વારા સૂચવાયા હતા. આ બાબતે વિકાસ કમિશનર તરફથી રોક લગાવવામાં આવી હતી. જે સામે પ્રમુખોએ પંચાયત મંત્રીને રજુઆત કરી હતી પરંતુ હજુ સુધી કોઈ ઉકેલ ન આવતાં ગાંધીનગર જિલ્લા પંચાયતે સરક્યુલર ઠરાવ પસાર કરી આ ખર્ચ સ્વભંડોળ ખાતે ઉધારવાનો નિર્ણય કરેલ છે.

રેતી-કાંકરીની બચેલી આ ગ્રાન્ટ પણ સ્વભંડોળ ખાતે જમા લેવી તેવો નિર્ણય પણ આ ઠરાવ સાથે કરવામાં આવ્યો છે.

પંચાયતની નવી રચના પછી પ્રથમવાર આવી રીતે સભ્યોએ સરક્યુલર ઠરાવ કરી નિર્ણય કર્યો છે. જેમાં વિપક્ષે પણ સંમતિ આપી હોવાથી સર્વાનુમતે આ નિર્ણય લેવામાં આવ્યો છે તેવી ચર્ચા પંચાયત એક્ટના જાણકારોએ કહી છે.મળતી વિગતો પ્રમાણે હવે આ સરક્યુલર ઠરાવના નિર્ણયની જાણ વિકાસ કમિશનરને તંત્રને તેની નકલ મળે તે પછી કરવામાં આવશે. પંચાયતના સૂત્રોએ કહ્યુ છે કે એકાદ સભ્યની સહિ લેવાની બાકી છે જે આજે મોડી સાંજ સુધીમાં થઈ ગયા બાદ એક-બે દિવસમાં જ જિલ્લા વિકાસ અધિકારીને સોંપવામાં આવશે.

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિકસ ડિઝાઈનીંગ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN®
ashirvad
BENELAVE™
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com